પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૫૯ | ૨૯ નવેમ્બર, ૨૦૧૭, બુધવાર ; માગસર સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

પદ્માવતીની રીલીઝ અટકાવવા સુપ્રીમનો ઈન્કાર

નિર્માતા-નિર્દેશક સામે કાર્યવાહીની માંગને ફગાવાઈ : ફિલ્મને લઇને આડેધડ નિવેદન કરનાર સામે સુપ્રીમની લાલઆંખ : જુદા જુદા રાજ્યોના મુખ્યમંત્રી અને નેતાઓના નિવેદન બાદ સુપ્રીમે ગંભીર નોંધ લીધી : સેન્સર બોર્ડ પાસ ન કરે ત્યાં સુધી નિવેદનબાજી ન કરવા આદેશ

નવી દિલ્હી,તા. ૨૮

દેશભરમાં ભારે ચર્ચા જગાવનાર વિવાદાસ્પદ ફિલ્મ પદ્માવતી પર જુદા જુદા રાજ્યોના મુખ્યમંત્રીઓ અને પ્રધાનો સહિત ટોપ હોદ્દાઓ ઉપર રહેલા લોકો દ્વારા કરવામાં આવેલી ટિપ્પણી સામે સુપ્રીમ કોર્ટે આજે જોરદાર લાલઆંખ કરી હતી. સુપ્રીમે કહ્યું હતું કે, જ્યાં સુધી સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન (સીબીએફસી) દ્વારા ફિલ્મને મંજુરી આપવામાં ન આવે ત્યાં સુધી કોઈપણ પ્રકારની ટિપ્પણી ન કરવા આદેશ કર્યો હતો. આના કારણે સેન્સરબોર્ડના નિર્ણય ઉપર અસર થઇ શકે છે. સુપ્રીમ કોર્ટે પદ્માવતી ફિલ્મના નિર્માતા નિર્દેશકો સામે ક્રિમિનલ પ્રોસીક્યુશન અથવા તો ફોજદારી કાર્યવાહી કરવાની માંગ કરતી અરજીને પણ ફગાવી દીધી હતી. સુપ્રીમ કોર્ટે સાફ શબ્દોમાં કેટલાક આદેશો જારી કર્યા હતા. સુપ્રીમ કોર્ટે પદ્માવતી સાથે સંબંધિત સુનાવણી વેળા આ મુજબની વાત કરી હતી. અત્રે નોંધનીય છે કે, રાજસ્થાન, મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ અને ગુજરાતના મુખ્યમંત્રી ફિલ્મ પદ્માવતીને લઇને ફિલ્મની રજૂઆત ન થવા દેવાની જાહેરાત કરી ચુક્યા

● અનુસંધાન-૩ પર

ન્યુઝ ટ્રેક

રાકેશ અસ્થાનાની નિમણુંક સામેની અરજી સુપ્રિમે ફગાવી

જાણીતા લોયર પ્રશાંત ભૂષણે સુપ્રિમ કોર્ટમાં સીબીઆઈના સ્પેશિયલ ડિરેકટર રાકેશ અસ્થાનાની નિમણુંક સામે અરજી કરી હતી. જેને સુપ્રિમ કોર્ટે ફગાવી દીધી છે.

એર ઈન્ડિયાના સીએમડી પદે પ્રદિપસિંહ ખારોલા

એર ઈન્ડિયાના સીએમડી પદે પ્રદિપસિંહ ખારોલાની નિમણુંક કરવામાં આવી છે. જયારે પ્રિતમ સિંહ ડિરેકટર જનરલ પદે અને એમ એમ કુટ્ટીને ઈકોનોમિક એફર્સના એડીશનલ સેક્રેટરી પદે નિમણુંક કરાઈ છે.

હાફિઝ સઈદની યુએનમાં અરજી

ગત સપ્તાહે નજરકેદમાંથી મુક્ત થયેલ મુંબઈ હુમલાનો માસ્ટર માઈન્ડ હાફીઝ સઈદ હવે આતંકવાદી જૂથમાંથી પોતાનું નામ હટાવવાની ફીરાકમાં છે. અહેવાલો અનુસાર મોસ્ટ વોન્ટેડ આતંકવાદી અને જમાત-ઉદ-દાવાના વડા હાફીઝ સઈદે સંયુક્ત રાષ્ટ્ર સંઘમાં એક અરજી કરીને પોતાનું નામ આતંકવાદીઓની યાદીમાંથી હટાવવા જણાવ્યું છે.

ઉત્તર કોરિયા ફરી મિસાઈલ પરીક્ષણ કરવા સજ્જ

જાપાન અને દક્ષિણ કોરિયાની ચિંતામાં વધારો : ઉત્તર કોરિયન મિસાઇલ બેઝ ઉપર રેડિયો સિગ્નલ અને રડાર ગતિવિધિને ધ્યાનમાં લઇ સ્પષ્ટ સંકેતો મળતા એલર્ટ

શિયોલ,તા. ૨૮

ઉત્તર કોરિયન મિસાઈલ બેઝ ઉપર રેડિયો સિગ્નલ અને રડાર ગતિવિધિઓને ધ્યાનમાં લઈને જાપાન અને દક્ષિણ કોરિયાએ સંકેત આપ્યા છે કે, ઉત્તર કોરિયા નવા મિસાઈલ પરીક્ષણની તૈયારીમાં છે. ઉત્તર કોરિયાએ પોતાના ન્યુક્લિયર મિસાઈલ પ્રોગ્રામ મારફતે આંતરરાષ્ટ્રીય સમુદાયને ચિંતિત કરી દીધા છે. પરંતુ ઉત્તર કોરિયા દ્વારા દબાણ વધારવામાં આવ્યા બાદ ૧ પમી સપ્ટેમ્બર બાદથી હજુ સુધી કોઈ પરીક્ષણ કરવામાં આવ્યા નથી. એમ માનવામાં આવે છે કે, ઉત્તર કોરિયા ઉપર લાગૂ કરવામાં આવેલા કઠોર પ્રતિબંધની અસર હવે દેખાઈ રહી છે. અલબત્ત દક્ષિણ કોરિયન સમાચાર સંસ્થાઓએ માહિતી આપતા કહ્યું છે કે, મિસાઈલ ટ્રેસિંગ રડારને કોઈ એક વણઓળખાયેલી જગ્યા પર સક્રિય કરવામાં આવી છે. ઉત્તર કોરિયા મિસાઈલ બેઝ ઉપર નવેસરથી ગતિવિધિ પણ જોવા મળી રહી છે. જે સિગ્નલો હાથ લાગ્યા છે તે સંકેત આપે છે કે, ઉત્તર કોરિયા ફરીવાર મિસાઈલ પરીક્ષણની તૈયારીમાં છે. આ સંદર્ભમાં જાપાન અને દક્ષિણ કોરિયા ઉપરાંત અમેરિકાની પણ નજર કેન્દ્રિત થઈ ગઈ છે. દક્ષિણ કોરિયામાં સંરક્ષણ મંત્રાલય દ્વારા જણાવવામાં આવ્યું છે કે, આ રિપોર્ટને લઈને હાલમાં ટિપ્પણી કરવી યોગ્ય રહેશે નહીં. જો કે, જાપાનમાં પણ આ પ્રકારના સમાચાર પ્રકાશિત થયા છે. જાપાની સરકારને એવા સિગ્નલ મળ્યા છે જેનાથી સંકેત મળે છે કે, ઉત્તર કોરિયા આગામી મિસાઈલ લોંચની તૈયારીમાં છે. ત્યારબાદથી સરકાર એલર્ટ છે. દક્ષિણ કોરિયા અને જાપાન બંને ઉત્તર કોરિયાની ગતિવિધિ ઉપર ચાંપતી નજર રાખી રહ્યા છે.

ભાજપથી નારાજ વરુણ ગાંધી કોંગ્રેસમાં જોડાય તેવી શક્યતા

રાહુલ કોંગ્રેસનું સુકાન સંભાળે એટલે તરત જ મોટા ફેરફારો થવાની સંભાવના



ન્યુ દિલ્હી,તા. ૨૮

કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી ટૂંક સમયમાં જ પાર્ટી અધ્યક્ષનું પદ સંભાળવાના છે. તો બીજીબાજુ અટકળો લાગી રહી છે કે રાહુલ ગાંધી પોતાના કઝીન બ્રધર્સ અને ભાજપા સાંસદ વરૂણ ગાંધીનું ભારતની સૌથી જૂની પાર્ટી ઈન્ડિયન નેશનલ કોંગ્રેસમાં સ્વાગત કરી શકે છે. આગ્રાના એક સ્થાનિક નેતાનું માનવું છે કે વરૂણ ગાંધીને જે જગ્યા મળવી જોઈએ તે જગ્યા તેમને ભાજપામાં મળી રહી નથી. રાજ્યમાં મુખ્યમંત્રી ઉમેદવારના રૂપમાં વરૂણ ગાંધી સૌથી વધુ લાયક હતા પરંતુ પાર્ટી દ્વારા તેમને નજરઅંદાજ કરી દેવાયા છે. કોંગ્રેસના વરિષ્ઠ મુસ્લિમ નેતા હાજી જમીલુદ્દીને કહ્યું કે ભગવા રંગવાળી પાર્ટીમાં વરૂણને નજરઅંદાજ કરી રહ્યાં છે. પાર્ટીમાં પીએમ મોદી સિવાય અન્ય કોઈને પોતાની વાત કહેવાનો હક નથી. તે છતાંપણ વરૂણે સતત પોતાની વાત મૂકી છે.

આધાર વિશ્વના સૌથી મોટા ડેટાબેઝ તરીકે છે : મોદી

૧૨૦૦ બિનજરૂરી કાયદા રદ કરાયા : ૨૧ સેક્ટરોમાં એફડીઆઈ માટેના ૮૭ નિયમો હળવા કરાયા છે : મોદી

હૈદરાબાદ, તા. ૨૮

હૈદરાબાદમાં આયોજિત આટ્રાંપ્રન્યોરશીપ સમિટ (જીઈએસ)માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંબોધન કર્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે, આ સમિટના

લીધે ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધો વધુ મજબૂત બન્યા છે. તેમણે દાવો કરતા કહ્યું હતું કે, આધાર વિશ્વના સૌથી મોટા ડેટાબેઝ તરીકે છે. ઈવાન્કાની સાથે મોદીએ વિસ્તારપૂર્વક વાતચીત પણ કરી હતી. મોદીએ ઉમેર્યું હતું કે, આધાર તરીકે સૌથી મોટા ડેટાબેઝની રચના કરવામાં આવી છે. તેમને આ જોઈને ગર્વ થઈ રહ્યું છે કે, પહેલી વખત આવા કોઈ કાર્યક્રમમાં ૧૫૦૦ મહિલા ઉદ્યોગ સાહસિકો ભાગ લઈ રહી છે. મોદીએ ઉમેર્યું હતું કે, આજે સમગ્ર દુનિયાની નજર હૈદરાબાદ ઉપર છે. દુનિયાભરમાંથી લોકો પહોંચ્યા છે. અમારી સરકાર કારોબારી માહોલને સુધારવા માટે શ્રેણીબદ્ધ પગલા લઈ રહી છે. મેક ઈન ઈન્ડિયા ઈન્વેસ્ટ ઈન ઈન્ડિયામાં જોડાવવા મોદીએ અપીલ કરી હતી. ભારત સહિત દુનિયાભર માટે પગલા લેવા માટે સૂચન કર્યું હતું. આ કાર્યક્રમમાં વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજ પણ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે આશા વ્યક્ત કરી હતી કે, વડાપ્રધાન મોદી અને ડોનાલ્ડ ટ્રમ્પના નેતૃત્વમાં ભારત અને અમેરિકા નવી ઉંચાઈઓને સ્પર્શ કરશે. વૈશ્વિક શાંતિ માટે યોગદાન આપશે. મોદી સાથે ઈવાન્કાએ કાર્યક્રમના ભાગરુપે વાતચીત પણ કરી હતી. મોદીએ પોતાના સંબોધનમાં કહ્યું હતું કે, ૧૨૦૦ જેટલા બિનજરૂરી કાયદાઓ રદ કરી દેવામાં આવ્યા છે. એફડીઆઈ માટેના ૮૭ નિયમો ૨૧ સેક્ટરોમાં હળવા કરવામાં આવ્યા છે. શ્રેણીબદ્ધ સરકારી પ્રક્રિયાઓ ઓનલાઈન થઈ છે.

આજે મોદીની ચાર ચૂંટણી પ્રચાર સભાઓ

મોરબી, પ્રાચી, પાલિતાણા અને નવસારીમાં જંગી સભા

નવીદિલ્હી-અમદાવાદ, તા. ૨૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાત વિધાનસભા ચૂંટણીને લઈને સોમવારના દિવસે ઝંઝાવતી પ્રચાર કર્યા બાદ હવે આવતીકાલે ફરી એકવાર પ્રચંડ ચૂંટણી પ્રચાર કરનાર છે. મોદીએ ૨૭મી નવેમ્બરના દિવસે ભુજ, જસદણ, અમરેલીના ધારી અને સુરત ગ્રામ્ય વિસ્તારમાં પ્રચાર કર્યા બાદ આવતીકાલે મોરબી, સોમનાથના પ્રાચી, ભાવનગરના પાલિતાણા અને નવસારીમાં પ્રચાર કરવા માટે પહોંચનાર છે. મોદીના તમામ કાર્યક્રમને લઈને તમામ સંબંધિત જગ્યાએ પણ તૈયારી પૂર્ણ કરી લેવામાં આવી છે. સઘન સુરક્ષા પણ ગોઠવી દેવામાં આવી છે. ભાજપના કાર્યકરોમાં અભૂતપૂર્વ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ભાજપના પ્રદેશ મિડિયા સેલની યાદીમાં જણાવવામાં આવ્યું છે કે, મોદી આવતીકાલે ગુજરાતના ચૂંટણી પ્રચાર્થે ફરી એકવાર પહોંચાનર છે.

એક દિવસના પ્રવાસ કાર્યક્રમ દરમિયાન મોદી આવતીકાલે સવારે નવ વાગે મોરબીમાં પહોંચશે. અને સભા કરશે. ત્યારબાદ આશરે ૧૧

● અનુસંધાન-૩ પર

ટિકિટ કેન્સલેશન પર ત્રણ હજાર ચાર્જ વધુ છે

નવીદિલ્હી,તા. ૨૮

કોઈ ખુબ જરૂરી કામ આવી જવાની સ્થિતિમાં પણ વિમાની ટિકિટ રદ કરાવવાથી ખચકાટ અનુભવ કરતા વિમાની યાત્રીઓ માટે હવે આને લઈને ચિંતા કરવાની જરૂર નથી. ટૂંક સમયમાં જ વિમાની ટિકિટ રદ કરવાની સ્થિતિમાં લાગનાર ત્રણ હજાર રૂપિયાના ભારે ચાર્જને ઘટાડી દેવામાં આવનાર છે. સરકારનું માનવું છે કે, સ્થાનિક ફ્લાઈટોના ટિકિટ રદ કરવા પર કોઈપણ એરલાઈન્સ કંપનીઓ ૩૦૦૦ રૂપિયાનો જે ચાર્જ વસુલ કરે છે તે ખુબ વધારે છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય